સભાગૃહમાં રજૂ થયા
તારીખ- ૧૮/૦૩/૨૦૨૬

सत्यमेव जयते

# અંદાજ સમિતિ
## પંદરમી ગુજરાત વિધાનસભા
## આઠમો અહેવાલ

(ક્લાઈમેટ ચેન્જ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
વન અને પર્યાવરણ વિભાગ તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ)

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
સેક્ટર–૧૦,
ગાંધીનગર–૩૮૨૦૧૦.

માર્ચ–૨૦૨૬

## અનુક્રમણિકા


| ક્રમાંક | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૪ |
| ૨ | ક્લાઈમેટ ચેન્જ વિભાગ | ૪ |
| ૩ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૬ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૮ |
| ૫ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | ૧૦ |
| ૬ | મુખ્ય નિર્ણયો/ભલામણોનો સારાંશ | ૧૩ |

## અંદાજ સમિતિ

(સન ૨૦૨૫-૨૬)

**પ્રમુખશ્રી**

* શ્રી અર્જુનસિંહ ચૌહાણ

\# શ્રીમતી મનીષાબેન વકીલ

**સભ્યશ્રીઓ**

ડૉ. તુષાર ચૌધરી

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી કનુભાઈ પટેલ

શ્રી હર્ષદકુમાર પટેલ

શ્રી ભગવાનજીભાઈ કરગટીયા

શ્રી ભગાભાઈ બારડ

શ્રી મહંત શંભૂનાથ ટુંડિયા

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી માનસિંહ ચૌહાણ

શ્રી જયદ્રથસિંહજી પરમાર

શ્રીમતી સંગીતાબેન પાટીલ

શ્રી વિનોદભાઈ મોરડીયા

શ્રી અરવિંદ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ચેતન પંડ્યા, સચિવ

શ્રીમતી રીટા મહેતા, સંયુક્ત સચિવ

ડૉ. હર્ષિલ પટેલ, નાયબ સચિવ

કુ. ડી. કે. મુનીઆ, નાયબ સચિવ

શ્રી નિરજ ગામીત, ઉપસચિવ

શ્રીમતી નઝમા મેરૂજય, સેક્શન અધિકારી

* શ્રી અર્જુનસિંહ ચૌહાણની તા.૧૦/૧૨/૨૦૨૫ના રોજ સમિતિના પ્રમુખ તરીકે માન.અધ્યક્ષશ્રીએ નિમણૂંક કરી હતી.

\# શ્રીમતી મનીષાબેન વકીલ તા.૧૭/૧૦/૨૦૨૫ના રોજ મંત્રીપદે નિયુક્ત થતા તેઓ સમિતિના સભ્ય ગણાતા બંધ થયા.

## પ્રસ્તાવના

**૧.** હું, અંદાજ સમિતિના પ્રમુખ તરીકે પંદરમી ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ વતી સમિતિનો આઠમો અહેવાલ રજૂ કરુ છું.

**૨.** સન ૨૦૨૫–૨૬ના વર્ષ માટેની સમિતિએ ગુજરાત સરકારના વિવિધ વિભાગની તપાસ હાથ ધરવા સંબંધિત વિભાગો પાસેથી સાહિત્ય મંગાવ્યુ હતુ. વર્ષ દરમ્યાન તે પૈકી ક્લાઈમેટ ચેન્જ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની તપાસ સમિતિએ હાથ ધરી છે તેને લગતો આ અહેવાલ સમિતિએ તેની તા. ૧૧/૦૩/૨૦૨૬ના રોજ મળેલ બેઠકમાં મંજૂર કર્યો છે.

## ક્લાઈમેટ ચેન્જ વિભાગ

**૩.** ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિએ તેની તા.૨૭/૦૫/૨૦૨૫ તેમજ તા.૦૩/૦૬/૨૦૨૫ ના રોજ મળેલ બેઠકમાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા તા. ૦૧/૦૫/૨૦૨૫ના રોજ મોકલેલ મૂળ સાહિત્યની તપાસ હાથ ધરી હતી.

**૪.** સમિતિએ તેની તા.૨૭/૦૫/૨૦૨૫ના રોજની બેઠકમાં કલાઈમેટ ચેન્જ વિભાગને ફાળવવામાં આવેલ બજેટ અને થયેલ ખર્ચમાં રહેલ વિસંગતતા, સોલાર રૂફટોપ યોજના અને તેના ધારાધોરણો, સ્મશાનભઠ્ઠી યોજના, બાયોગેસ યોજના, સ્મોલ બાયોગેસ પ્લાન્ટ, દ્વિ–ચક્રીય અને ત્રિ–ચક્રીય વાહન યોજના તેમજ પી.એમ. સૂર્યઘર યોજના વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

**૫.** સમિતિની ઉક્ત બેઠકમાં વિભાગે મોકલાવેલ સાહિત્યના અનુસંધાને સમિતિએ સોલાર યોજના વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ યોજના અંગે પૃચ્છા કરતા બેઠકમાં સાક્ષી તરીકે રૂબરૂ હાજર રહેલ વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યુ હતું કે, સરકારી ઇમારતો ઉપર સોલાર રૂફટોપ લગાવવાની કામગીરી ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (GEDA) દ્વારા કરવામાં આવે છે. રહેણાંક ઇમારતો ઉપર સોલાર લગાવવાનું કામ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત તથા પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. દ્વારા કરવામા આવે છે. જેમાં ૧૦૦% ખર્ચ સરકાર દ્વારા કરવામાં આવે છે. ખાનગી રહેણાંક ઇમારતો ઉપર પ્રધાનમંત્રી સૂર્યઘર યોજના અંતર્ગત રૂ.૭૮,૦૦૦ સુધીની સબસીડી ભારત સરકાર આપે છે. જેમા ૯૦% જેટલી કામગીરી થઇ ગઇ છે. આ તબક્કે સમિતિએ નગરો અને મહાનગરોમાં સોલાર રૂફટોપ પ્લાન્ટ લગાવવાની કામગીરી પૂર્ણ થયા બાદ ઉત્તર ગુજરાત વીજ કંપની લી. કે મધ્ય ગુજરાત વીજ કંપની લી. દ્વારા ટ્રાન્સફોર્મરનું કનેક્શન આપવામાં વિલંબ થતો હોવાથી પૂરતા ટ્રાન્સફોર્મર ઉભા કરી શકાતા નથી તે બાબતે ચિંતા વ્યક્ત કરી હતી. તેના અનુસંધાને વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા સબસ્ટેશનો વહેલી તકે ઉભા

થાય તે માટેની કામગીરી સમાંતરે ચાલી રહી છે. જેથી બધી જગ્યાએ તેની કનેક્ટીવીટી મળે ગ્રીડ સાથે તેને કનેક્ટ કરી શકાય. **આ બાબતમાં સમિતિ ક્લાઈમેટ ચેન્જ વિભાગને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ સાથે સંકલન કરીને આ યોજનાના લાભથી કોઇપણ લાભાર્થી વંચિત રહી ન જાય તે માટે સમયમર્યાદા નકકી કરવા અને તે મુજબ કાર્યયોજના તૈયાર કરવા ભલામણ કરે છે.**

**૬.** સમિતિની બેઠકમાં સરકારી ઇમારતો તેમજ ખાનગી રહેણાંક મકાનો/ઇમારતો ઉપર સોલાર રૂફટોપ લગાવ્યા બાદ તેની જાળવણી માટે જે તે વીજ વિતરણ કું.ના સંકલનના અભાવે સોલાર પેનલ લગાવવાનો આશય જળવાતો નથી તેમજ જાળવણીના અભાવે વીજ બિલમાં બચત થતી નથી તે બાબતે સમિતિએ ચિંતા વ્યક્ત કરી હતી. સરકારી ઇમારતો ઉપર સોલાર પ્લાન્ટ લગાવ્યા બાદ ૫ વર્ષ સુધી તેની જાળવણી કરવાની જવાબદારી કલાઇમેટ ચેન્જ વિભાગની રહે છે. ત્યારબાદ છઠ્ઠા વર્ષથી જાળવણી કરવાની જવાબદારી જે તે વિભાગની થાય છે. **પમ્પિંગ સ્ટેશન, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (S.T.P.) જેવી જગ્યાએ કે, જ્યાં વીજળીનો વધારે પ્રમાણમાં વપરાશ થવાનો હોય ત્યાં વહેલી તકે સોલાર રૂફટોપ યોજના લાગુ કરવા સમિતિ ભલામણ કરે છે.** વધુમાં, **સરકારી સબસીડીથી ખાનગી રહેણાંક મકાનો/ઇમારતો ઉપર લગાવવામાં આવતા સોલાર રૂફટોપની વોરન્ટી સમયગાળામાં યોગ્ય જાળવણી થાય તેની પણ સમિતિ ભલામણ કરે છે.**

**૭.** સમિતિએ સોલાર પેનલના ઉપયોગ દ્વારા વીજળીની બચતના હેતુ તરફ વિભાગનું ધ્યાન દોરતા સૂચન કર્યુ હતુ કે, હાલ નવા બની રહેલ સરકારી મકાનોમા સોલાર પેનલ લગાવવાની બાબતનો ટેન્ડરમાં સમાવેશ કરવો જોઇએ. સમિતિની બેઠકમાં **આ તબક્કે સોલાર પેનલ્સની સફાઇની કામગીરીના મહત્વને સમજતાં સમિતિ સોલાર પેનલની સફાઇ માટે યોગ્ય એસ.ઓ.પી(S.O.P) ઘડવા તથા આ સફાઇ માટે જનજાગૃતિ આવે તે માટે યોગ્ય પ્રચાર-પ્રસાર કરવા ભલામણ કરે છે.**

**૮.** સમિતિની બેઠકમાં ખેતીવાડીમાં સોલાર કનેકશનના ૫(પાંચ) વર્ષ પછી જાળવણીના અભાવે નિયમિત વીજ કનેકશન મળતુ નથી તે તરફ વિભાગનુ ધ્યાન દોરવામાં આવ્યું હતુ. વિભાગના પ્રતિનિધિએ માહિતી આપતા જણાવ્યું હતું કે, સોલાર કનેકશનના ૫(પાંચ) વર્ષ પૂર્ણ થયા પછી રાજ્ય સરકારની યોજના મુજબ એકાદ કિલોમીટર હોય તો તેને ગ્રીડ સાથે જોડીને પરંપરાગત કનેકશન મેળવી શકાતુ હોય છે તેમજ અમુક પંપની વોરંટીનો સમય પૂરો થયો હોય અને મેઇન્ટેનન્સનો ઓર્ડર આપ્યો નથી તેને વીજ કનેકશન આપવાની બાબત વિચારણા હેઠળ છે. આ તબક્કે સમિતિએ સરકારે વિચારણા કરી દીધેલ હોય તેવી બાબતોનું સંકલન કરી સ્પષ્ટ પરિપત્ર કરવા સૂચન કર્યું હતુ. વધુમાં **ગ્રામ્ય વિસ્તારોમાં સોલાર વોટર પંપના રીપેરીંગ તથા સમગ્ર રાજયના રહેણાંક વિસ્તારોમાં ઘરવપરાશ માટે લગાવેલ સોલાર રૂફટોપ સિસ્ટમને લગતી**

**ફરીયાદો સંદર્ભે આથી સમિતિ વિભાગને રીપેરીંગ માટે જવાબદાર એજન્સીઓ સાથે સંકલન કરવા તેમજ આ માટે ટોલ ફ્રી નંબર જારી કરીને સુવ્યવસ્થિત તંત્ર ખડુ કરવા ભલામણ કરે છે.**

**૯.** દરિયાની સપાટીમાં વધારો થતાં તેના કિનારે વસેલા ગામડાઓના અસ્તિત્વ જોખમમાં છે. ત્યારે આ બાબતમાં વિભાગે કોઇ સંશોધન કે નીતિ પર વિચારણા કરેલ છે કે કેમ તેની પૃચ્છા કરતાં સમિતિની બેઠકમાં હાજર રહેલ વિભાગના પ્રતિનિધિએ જણાવ્યુ હતું કે, કુદરતી આપત્તિ સમયે લોકોને ઓછામાં ઓછા સમયમાં મહત્તમ મદદ મળે તેમજ ઓછુ નુકશાન થાય તે માટે રાજય કક્ષાએ ક્લાઇમેટ એક્શન પ્લાન બનાવ્યો છે. જેમા દરેક વિભાગ દ્વારા શુ કામગીરી કરવાની છે તે સુનિશ્ચિત કરવામાં આવેલ છે. **આ તબક્કે સમિતિ વિભાગને રાજ્યના દરિયાઇ સપાટી વધવાના ખતરા હેઠળ રહેલ ગામોની ઓળખ કરીને તેના અસ્તિત્વના જોખમ નિવારણ માટે ચોક્કસ નીતિ રચવા ભલામણ કરે છે.**

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**૧૦.** ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિએ તેની તા.૦૧/૦૭/૨૦૨૫, તા.૧૫/૦૭/૨૦૨૫ અને તા.૦૫/૦૮/૨૦૨૫ના રોજ મળેલ બેઠકમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ મોકલેલ સાહિત્યની તપાસ હાથ ધરી હતી.

**૧૧.** સમિતિની ઉક્ત બેઠકમાં સમિતિએ સરકારી અને બિનસરકારી હોસ્પિટલોની સંખ્યા વિશે પૃચ્છા કરી હતી. જે સંદર્ભે સાક્ષી તરીકે ઉપસ્થિત વિભાગના પ્રતિનિધિએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ૬ સરકારી મેડિકલ કોલેજ અને ૧૩ G.M.E.R.S. એમ કુલ–૧૯ મેડિકલ કોલેજ સરકારશ્રી હસ્તક છે. ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ અને યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલ અર્ધસરકારી છે. આ વિષય સંબંધમાં વિસ્તૃત ચર્ચા દરમિયાન વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, ૭૫ જિલ્લા હોસ્પિટલ, ૧૮ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, ૩૫૩ જેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૧૫૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૯૨૫૬ જેટલા પેટા આરોગ્ય કેન્દ્રો છે. આ તબક્કે સમિતિએ જિલ્લા હોસ્પિટલ મંજૂર કરી હોય અને કામગીરી ચાલુ ન થઈ હોય તેવી હોસ્પિટલ અંગે માહિતી આપવા જણાવ્યું હતું. આ સંબંધે વિભાગના પ્રતિનિધિના જવાબ સંદર્ભમાં **હાલોલ સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલને મંજૂરી મળ્યાના ચાર વર્ષથી વધુ સમય વ્યતિત થવા છતાં તેની કામગીરી હાથ ધરવામાં આવી ન હોવાની બાબત સમિતિના ધ્યાને આવી હતી. જેની સમિતિએ ગંભીર નોંધ લીધી હતી. આથી સમિતિ વિભાગ હેઠળ બાંધકામની કામગીરી સંભાળતા પ્રોજેકટ ઇમ્પ્લીમેંટ યુનિટ(PIU)ને સમયમર્યાદામાં સંકલન કરી તમામ બાંધકામ સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે કામગીરી કરવા તથા તેમાં કોઇપણ બિનજરૂરી વિલંબ માટે જવાબદારી નક્કી કરી યોગ્ય પગલાં લેવા ભલામણ કરે છે.** વધુમાં **સરકાર દ્વારા રાજ્યના અન્ય**

**જિલ્લાઓના જે તે આરોગ્ય વિષયક બાંધકામોની જાહેરાત થયા બાદ તેના બાંધકામની કામગીરીમાં વિલંબ થતો હોવાનુ પણ સમિતિને ધ્યાને આવેલ છે. આથી સમિતિ સરકારે કરેલ જાહેરાત બાદ હોસ્પિટલોના બાંધકામમાં થતો બિનજરૂરી વિલંબ દૂર કરવા જરૂરી તમામ પગલાં ભરી સમયસર વહીવટી પ્રક્રિયા હાથ ધરી તમામ બાંધકામ સમયમર્યાદામાં પૂર્ણ કરવા યોગ્ય કાર્યયોજના તૈયાર કરવા ભલામણ કરે છે.**

**૧૨.** સમિતિની તા.૦૧/૦૭/૨૦૨૫ના રોજની બેઠકમાં સમિતિએ ગ્રામ્ય વિસ્તારમાં બોગસ ડીગ્રીને આધારે પ્રેક્ટિસ કરતા નકલી ડોકટરની સારવારને કારણે મૃત્યુના બનતા કેસો તરફ વિભાગનું ધ્યાન દોર્યું હતું. આ વિષય સંદર્ભમાં વિભાગના પ્રતિનિધિએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ મુજબ બોગસ ડીગ્રી ધરાવતા નકલી ડોકટરો ઉપર વિભાગ દ્વારા પગલા લેવામાં આવે છે. વધુમાં આરોગ્યની ટીમ સ્થાનિક પોલીસ સાથે સંકલનથી દર બે મહિને તપાસ કરીને બોગસ પ્રમાણપત્રના આધારે પ્રેક્ટિસ કરતાં નકલી ડોકટરો પર કાર્યવાહી કરતી હોય છે. **આ તબક્કે સમિતિ વિભાગને પોતાની સ્થાનિક આરોગ્ય ટીમનો તપાસનો વ્યાપ વિસ્તારવાની સૂચના સાથે બોગસ પ્રમાણપત્ર સાથે પ્રેક્ટિસ કરતા નકલી ડોકટરોને નશ્ચત કરી તેના ઉપર સખત કાનુની પગલાં લેવા અને તે માટે સમયાંતરે રાજ્યવ્યાપી ઝુંબેશ કરવા ભલામણ કરે છે.**

**૧૩.** સમિતિની તા.૧૫/૦૭/૨૦૨૫ના રોજની બેઠકમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (P.M.J.A.Y.) વિશે ચર્ચા થતાં બેઠકમાં હાજર રહેલ વિભાગના પ્રતિનિધિએ આ યોજનાના રાજ્યમાં કાર્યાન્વય અને તેના માપદંડોથી સમિતિને માહિતગાર કરી હતી. સમિતિએ P.M.J.A.Y. કાર્ડધારક દર્દીને કાર્ડ મંજૂરીમાં કે અન્ય કોઈ કારણસર સારવારમાં મુશ્કેલી ઉભી થાય છે તે બાબતે ચિંતા દર્શાવી હતી. વિભાગના પ્રતિનિધિએ જવાબમાં જણાવ્યું હતું કે P.M.J.A.Y. માટેની ફરિયાદ માટે રાજ્ય સરકારે ૧૦૪ નંબરની હેલ્પલાઇન બનાવી છે તેમજ ૬૬ની સિરીઝવાળો એક ટોલ ફ્રી નંબર પણ જાહેર કરેલ છે. કોઈપણ વ્યક્તિને નવા કાર્ડ બનાવવામાં વિલંબ થતો હોય તો તાત્કાલિક તે આ અંગે ફરિયાદ ટોલ ફ્રી નંબર ઉપર કરી શકે છે. **દરેક માન્ય/પેનલમાં સમાવિષ્ટ(Empanelled) હોસ્પિટલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની કામગીરી માટે અલાયદુ કાઉન્ટર શરૂ કરવા તથા કાઉન્ટરના ડેસ્ક ઉપર P.M.J.A.Y. અને માં અમૃતમ કાર્ડ અંગે જે કોઇ મૂંઝવણ, ફરીયાદ હોય તો સંપર્ક કરો તેવા ડિસ્પ્લે બોર્ડ ગોઠવવાની સૂચના પરિપત્રિત કરીને રાજ્યની તમામ માન્ય હોસ્પિટલ્સને પત્ર-ઇ-મેઇલથી મોકલી આપવા સમિતિ ભલામણ કરે છે.**

**૧૪.** સમિતિની બેઠકમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કામગીરી વિશે માહિતી આપવા વિભાગને જણાવ્યું હતું. સાક્ષી તરીકે હાજર વિભાગના પ્રતિનિધિએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ખોરાક અને ઔષધ

નિયમન તંત્રમાં બે પ્રકારની કામગીરી કરવામાં આવે છે. જેમાં (૧) દવાઓનું નિયમન અને (૨) ફૂડ સેફ્ટી એક્ટ મુજબ ફૂડ સેફ્ટી નિયમનની કામગીરી કરવામાં આવે છે. વિભાગના લેખિત સાહિત્યમાં જણાવ્યા મુજબ રાજ્યમાં વેચાતા આહાર અને દવાઓની પૌષ્ટિકતા અને ગુણવત્તાનું નિયમન અને નિયંત્રણ આ તંત્ર દ્વારા કરવામાં આવે છે. આ તંત્ર દ્વારા ખોરાકના નમૂનાઓનું પરિક્ષણ વડોદરા, ભુજ અને રાજકોટ ખાતે આવેલી પ્રયોગશાળામાં કરવામાં આવે છે તથા ઔષધના નમુનાઓનું પરિક્ષણ વડોદરા પ્રયોગશાળામાં કરવામાં આવે છે. વિભાગના સાહિત્ય સંબંધમાં સમિતિની બેઠકમાં ચર્ચા દરમિયાન વિભાગને **ખોરાકના નમૂનાઓ માત્ર તહેવારોમાં કે કોઈના તરફથી કરવામાં આવતી ફરિયાદના આધારે તપાસ કરવાના સ્થાને સમગ્ર વર્ષ દરમિયાન સમયાંતરે નિયમિત તપાસ કરી સમયમર્યાદામાં દાખલારૂપ સખત પગલાં લેવા સમિતિ ભલામણ કરે છે.**

**૧૫.** ટી.બી.ના દર્દીઓને સારવાર સાથે પૂરક પોષણ મળી રહે તે હેતુથી વર્ષ ૨૦૨૫–૨૦૨૬માં નવી બાબત તરીકે કુલ ૮ જિલ્લાઓમાં ટી.બી.ના દર્દીઓની સારવારની સાથે દરરોજ માઈક્રો ન્યુટ્રીઅન્ટ અને આર્યન ફોલિક એસિડ સભર ન્યુટ્રીશન બિસ્કીટ આપવામાં આવે છે. જે અંતર્ગત સન ૨૦૨૫–૨૬ માં નવી બાબત તરીકે રૂપિયા ૨.૦૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વધુમાં આરોગ્ય કમિશનરશ્રીની કચેરીના હેલ્થ એજ્યુકેશન બ્યુરો(H.E.B.I.E.C) શાખા દ્વારા સમયાંતરે ટીવી ચેનલોમાં, ન્યૂઝપેપરમાં ટી.બી. કાર્યક્રમો અને તેની યોજના બાબતે બહોળી પ્રસિદ્ધિ કરી જનજાગૃતિ ફેલાવવામાં આવે છે. આ સમગ્ર ચર્ચાને અંતે **ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહારની કીટ માટે જિલ્લા કલેકટરશ્રીઓ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને C.S.R. (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) ફંડનો ઉપયોગ કરવા વિભાગ દ્વારા સૂચના આપવા સમિતિ ભલામણ કરે છે.**

## વન અને પર્યાવરણ વિભાગ

**૧૬.** ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિએ તેની તા.૦૭/૧૦/૨૦૨૫, તા.૦૪/૧૧/૨૦૨૫ અને તેની તા.૧૮/૧૧/૨૦૨૫ના રોજ મળેલ બેઠકમાં વન અને પર્યાવરણ વિભાગના તા.૨૫/૦૯/૨૦૨૫ ના રોજ મળેલ મૂળ સાહિત્યની તપાસ હાથ ધરી હતી.

**૧૭.** સમિતિની બેઠકમાં ગીરમાં સિંહદર્શન માટે ઓનલાઈન બુકિંગ પદ્ધતિમાં થતી ગેરરીતિ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ચર્ચા દરમિયાન ગીરમાં સિંહદર્શન માટેની સફારી શરૂ થાય તે પહેલા કૃત્રિમ રીતે ઓનલાઈન ટિકિટ બુકિંગના બધા જ સ્લોટ બુક થઈ જવાને કારણે પરમિટના દર રૂા. ૨૫૦૦/- થી વધીને રૂા.૨૫,૦૦૦/– સુધી પહોંચી જતા હોવાનું અને તેના કારણે ઘણીવાર સિંહદર્શન માટે આવેલા પ્રવાસીઓને

(N.R.I. સહિત) પરત જવું પડે છે તે બાબતની ફરિયાદને ગંભીરતાથી લેવા વિભાગને સમિતિએ જણાવ્યું હતું. વિભાગે જણાવ્યું હતુ કે, સામાન્ય રીતે દરરોજ ૧૫૦ પરમીટ આપવામાં આવે છે તેમજ રજાના દિવસોમાં ૧૮૦ જેટલી પરમીટ આપવામાં આવે છે. આ વિશેની વિસ્તૃત ચર્ચા ને અંતે **ગીરમાં સિંહદર્શન માટે ઓનલાઇન ટિકિટ બુકિંગની પધ્ધતિમાં બ્લેક ટિકિટોના વેચાણ ઉપર અંકુશ મેળવવા ગૃહ વિભાગ અને સાયબર સેલના સંકલન સાથે જવાબદારો સામે કડક પગલાં લઇ ગેરરીતિ અટકાવવા સમિતિ ભલામણ કરે છે.** વધુમાં **હાલમાં ચાલતી સિંહદર્શનની ઓનલાઇન બુકીંગ પધ્ધતિનો રિવ્યુ કરીને તેમાં જો ફેરફાર–બદલાવ અંગે અવકાશ હોય તો તે માટે કાર્યવાહી કરવા પણ સમિતિ ભલામણ કરે છે.** વધુમાં **ગીરમાં સિંહદર્શન માટે ચાલતી જીપ્સીઓમાં ગીરમાં વસતા સ્થાનિકોને અગ્રતા આપી સ્થાનિક જીપ્સીને પરમિટ આપી તેમને રોજગારી આપવા પણ સમિતિ ભલામણ કરે છે.**

**૧૮.** સમિતિની બેઠકમાં સમિતિએ વન અને પર્યાવરણ વિભાગમાં સંવર્ગ વાર કુલ ૬૬૪૭ જગ્યા સામે ૩૦૦૦ જેટલી જગ્યાઓ ખાલી છે. વર્ગ–૪ ની જગ્યા માટે જરૂરિયાત મુજબ સરકારની મંજૂરીને આધીન આઉટસોર્સ મારફત સેવાઓ લેવામાં આવે છે. વધુમાં રાજ્ય સરકારની ખાલી જગ્યાઓ બાબતે નાણાં વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગના પરામર્શમાં ૧૦ વર્ષનું ભરતી કેલેન્ડર બનાવવામાં આવ્યું છે.

આ તબક્કે સમિતિમાં 'વનમિત્ર' સંબંધે ચર્ચા કરવામાં આવતાં સમિતિની બેઠકમાં હાજર વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, લાયન કન્ઝર્વેશન સોસાયટી મારફત લોકો અને વન વિભાગ વચ્ચે કડીરૂપ બને તે માટે 'વનમિત્ર' નિયુક્ત કરવામાં આવે છે તેમજ સોસાયટી મારફત તેમને મહેનતાણું પણ ચૂકવવામાં આવે છે. વધુમાં ફૉરેસ્ટ ગાર્ડની ભરતી થાય ત્યારે સારી કામગીરી કરતા વનમિત્રને ફૉરેસ્ટ ગાર્ડ તરીકેની ભરતીમાં પ્રોત્સાહન આપી પરીક્ષા અંગેનું જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવે છે. આ તબક્કે સારી કામગીરી કરતા વન મિત્રને પ્રમાણપત્ર અપાય છે કે કેમ તેવી સમિતિ દ્વારા પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિએ આ બાબતે તપાસ કરાવીશું તેમ જણાવતાં **સમિતિ સારી કામગીરી કરનારા "વનમિત્ર" ને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવા વિભાગને ભલામણ કરે છે.**

**૧૯.** સમિતિએ તા.૧૬/૧૨/૨૦૨૫ થી તા.૧૮/૧૨/૨૦૨૫ સુધીનો જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને ગીર સોમનાથ જિલ્લાનો અભ્યાસ પ્રવાસ યોજવાનો નિર્ણય કર્યો હતો. જેમાં તા.૧૭/૧૨/૨૦૨૫ ના રોજ દ્વારકા ખાતે વન વિભાગ દ્વારા સમિતિ સમક્ષ થયેલ પ્રેઝન્ટેશનમાં મરીન નેશનલ પાર્કમાં વિભાગ કોરલ અને દરિયાઇ સૃષ્ટિના જતન સંવર્ધન માટે કામગીરી કરે છે તે વિશે વિસ્તારપૂર્વક ચર્ચા થઇ હતી. પરંતુ આ કામગીરી ફળદાયી નિવડે તે માટે દરિયામાં ઉદ્યોગો દ્વારા પ્રદુષિત પાણી ન છોડાય તે સુનિશ્ચિત કરવા પર

સમિતિએ ભાર મુકયો હતો. **આથી સમિતિ જળ પ્રદુષણ મુદ્દા પર પર્યાવરણ પ્રભાગ સાથે નિયમિત સંકલન રાખીને દુષિત પાણી દરિયામાં ન વહાવવામાં આવે તે સુનિશ્ચિત કરવા યોગ્ય કાર્યયોજના તૈયાર કરવા ભલામણ કરે છે.**

**૨૦.** તા. ૧૮/૧૨/૨૦૨૫ના રોજ સિંહસદન, સાસણગીર ખાતે વિભાગના અધિકારીઓ સાથેની સમિતિની બેઠકમાં ગીર પશ્ચિમ અને ગીર પૂર્વને લગતી વન તથા વન્યજીવોને સંબંધિત વિવિધ કામગીરીનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યુ હતું. જેમા વિભાગ દ્વારા પેરાફિટ વોલ કરીને ૫૮૦૦૦ કુવાને સુરક્ષિત કરવામાં આવ્યા છે તેવુ જણાવતા સમિતિએ પેરાફિટ વોલની કામગીરીની નોંધ લીધી હતી. પરંતુ તેના આગળની ચિંતા વ્યક્ત કરતા **આથી સમિતિ વિભાગ દ્વારા ગીર વિસ્તારમાં વન્યપ્રાણી કુવામાં પડે નહી તે માટે પેરાફિટ વોલ બનાવી તેના ઉપર લોખંડની જાળી નાંખવા ભલામણ કરે છે.**

## વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

**૨૧.** ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિએ તેની તા. ૦૨/૧૨/૨૦૨૫ તેમજ તા.૦૬/૦૧/૨૦૨૬ ના રોજ મળેલ બેઠકમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા તા.૧૧/૦૮/૨૦૨૫ના રોજ મળેલ મૂળ સાહિત્યની તપાસ હાથ ધરી હતી.

**૨૨.** સમિતિની તા.૦૨/૧૨/૨૦૨૫ના રોજની બેઠકમાં ઉપસ્થિત વિભાગના પ્રતિનિધિએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ભારતનેટ પ્રોજેક્ટ ફેસ–૨ અંતર્ગત રાજ્યના ૨૨(બાવીસ) જિલ્લાઓમાં ગ્રામ પંચાયતમાં કનેક્ટિવિટી ગુજરાત ફાઇબર ગ્રીડ નેટવર્ક લિમિટેડ(G.F.G.N.L.) દ્વારા પૂરી પાડવામાં આવે છે અને ભારતીય સંચાર નિગમ લિ.(B.S.N.L.) દ્વારા તેનું અમલીકરણ કરવામાં આવે છે. આ વિષય અંગેની વિસ્તૃત ચર્ચા દરમિયાન કુદરતી આપત્તિ સમયે એકસાથે નિયત સમયમર્યાદામાં ઓનલાઇન પ્રક્રિયા દરમિયા કનેક્ટિવિટીની સમસ્યાને કારણે પડતી મુશ્કેલીઓ વિશે સમિતિએ વિભાગનું ધ્યાન દોર્યું હતું. આ બાબતે વિભાગના પ્રતિનિધિએ માહિતી આપતા સમિતિને જણાવ્યું હતું કે, જે સર્વરમાં એપ્લિકેશન હોસ્ટ કરવામાં આવી હોય તેની ક્ષમતામાં જે તે વિભાગ દ્વારા વધારો કરાવીને સમસ્યાનું નિરાકરણ લાવી શકાય છે. જે એપ્લિકેશનનો લોકો વધારે ઉપયોગ કરે છે તેને આધુનિક કરવા તરફ ગુજરાત વહીવટી સુધારણા પંચ(G.A.R.C.)એ પણ ધ્યાન દોર્યું હતું. જેથી દરેક વિભાગ સાથે સંપર્કમાં રહી એક સમિતિ બનાવી દરેક એપ્લીકેશનનું આધુનિકરણ કરવા માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની કાર્યવાહી ચાલુ છે. વિભાગની આ કાર્યવાહીની નોંધ લેતા **સમિતિ રાજયમાં લોકો દ્વારા સરકારની જે એપ્લિકેશનનો વધારે ઉપયોગ થાય છે અને**

**જે એપ્લિકેશન જૂની થયેલ છે તેને અગ્રતાના ધોરણે અપડેટ કરાવી લોકોને પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા ભલામણ કરે છે.** વધુમાં, **મહેસુલ વિભાગ તથા અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની જે એપ્લિકેશન બહુ જૂની થઇ હોય અથવા જેના સંચાલનને લઇને વધુ ફરિયાદો મળતી હોય તેને પ્રથમ અગ્રતાના ધોરણે અપડેટ કરાવવી તથા સર્વર ડાઉનના પ્રશ્નોનું નિરાકરણ લાવી પ્રજાને પડતી હાલાકી દૂર કરવા પણ સમિતિ ભલામણ કરે છે.**

**૨૩.** સમિતિની તા. ૦૬/૦૧/૨૦૨૬ના રોજની બેઠકમાં બાયો ટેકનોલોજી નીતિ ૨૦૨૨-૨૭ વિશેની વિસ્તૃત ચર્ચા દરમિયાન સમિતિએ તેના મહેકમ અંગે તેમજ મહેકમ વધારવા અંગેની કાર્યવાહી વિશે પણ પૃચ્છા કરી હતી. વિભાગના પ્રતિનિધિએ માહિતી આપતા જણાવ્યું હતું કે, સામાન્ય વહીવટ વિભાગના પરામર્શમાં ૧૦ વર્ષનું ભરતી કેલેન્ડર બનાવવામાં આવેલ છે તેમજ I.T.E.S. ઓફિસર્સની ભરતી પ્રક્રિયા પણ ચાલી રહી છે.

વિભાગના પ્રતિનિધિએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, I.T/I.T.E.S. પોલીસી(2022-27) સંબંધની માહિતીના બહોળા પ્રચાર/પ્રસાર અર્થે ગુજરાતના પ્રસિદ્ધ વર્તમાનપત્રો અને મેગેઝીનમાં જાહેરાત આપવામાં આવેલ છે તેમજ પોલીસીના પ્રચાર માટે રોડ શો, સેમિનાર અને કોન્ફરન્સનું આયોજન પણ કરવામાં આવેલ છે. વધુમાં વધુ કંપનીઓ સાથે ચર્ચા દ્વારા I.T. કંપનીઓને ગુજરાતમાં રોકાણ કરવા તેમજ ગુજરાતમાં I.T. પોલીસી અંતર્ગત લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ અંગેની વિસ્તૃત ચર્ચા દરમિયાન **રાજ્ય સરકારની I.T. પોલીસી અંતર્ગત વધુમાં વધુ I.T. કંપનીઓ ગુજરાતમાં રોકાણ કરે તે માટેની નિશ્ચિત ઈકો સિસ્ટમ વિકસાવવા, જરૂરી મેન-પાવર આ કંપનીઓને ઉપલબ્ધ કરાવીને ગુજરાત I.T. હબ બને તે માટે આયોજન કરવા સમિતિ ભલામણ કરે છે.**

**૨૪.** સમિતિની બેઠકમાં વિભાગના સાહિત્યમાં જણાવ્યા મુજબ ગુજરાત ફાઇબર ગ્રીડ નેટવર્ક લિમિટેડ (G.F.G.N.L.) દ્વારા ભારત નેટ યોજનાનો ગ્રામ પંચાયત હેઠળ સમાવિષ્ટ સરકારી કચેરીઓ અને સંસ્થાઓમાં વિસ્તાર કરવામાં આવી રહયો છે. ગુજરાતના ગામો G.F.G.N.L. ના નેટવર્ક થકી ઈ-સ્વાસ્થ્ય, ઈ-શિક્ષણ અને ઈ-ખેતીવાડી જેવી સેવાઓનો ઉપયોગ કરી શકે છે. G.F.G.N.L./ભારત નેટવર્ક ફેઝ-૩ પ્રોજેક્ટમાં ગ્રામીણ કનેક્ટિવિટીમાં ક્રાંતિ લાવવાની અને ડિજિટલ સમાવિષ્ટતાને મજબૂત બનાવવાની એક પરિવર્તનશીલ પહેલ છે. આ ચર્ચા દરમિયાન સમિતિએ ગુજરાતમાં મોબાઇલ નેટવર્કની સમસ્યા ધરાવતા વિસ્તારો/ગામો વિશે ચિંતા વ્યક્ત કરી હતી. આ અંગે વિભાગના પ્રતિનિધિએ માહિતી આપતા જણાવ્યું હતું કે, આમ તો ટેલિકોમ્યુનિકેશનએ કેન્દ્ર સરકારનો વિષય છે પરંતુ વિભાગે અહી તેના માટે અલગ ફંડ રાખેલ છે

તેમજ વિભાગ દ્વારા દરેક કલેકટરને પત્ર દ્વારા નેટવર્કની સમસ્યા ધરાવતા વિસ્તારોની માહિતી મોકલવા જણાવવામાં આવે છે તેમજ માહિતી મળ્યેથી આગળની કાર્યવાહી અર્થે ભારત સરકારને મોકલી આપવામાં આવે છે. **આ તબક્કે સમિતિ વિભાગને દરેક ધારાસભ્યશ્રીઓને પત્ર પાઠવી તેમના વિધાનસભા મતવિસ્તારમાં જે શહેરી/ગ્રામ્ય વિસ્તારમાં મોબાઈલના નેટવર્કની સમસ્યા હોય તે અંગેની માહિતી વિભાગને પૂરી પાડવા જણાવવા અને માહિતી મળ્યેથી આ માહિતી પરત્વે આગળની કાર્યવાહી કરવા ભલામણ કરે છે.**

**૨૫.** સમિતિની તપાસ અર્થે સંબંધિત વિભાગના અધિકારીઓએ બેઠકમાં ઉપસ્થિત રહીને સમિતિને શક્ય તેટલી માહિતી પૂરી પાડવા અંગે તેમજ આપેલ સહકારની નોંધ લઈ સંબંધિત વિભાગોની તપાસ પૂર્ણ જાહેર કરી હતી.

**૨૬.** સમિતિની બેઠકોમાં નાણા વિભાગના પ્રતિનિધિઓ ખાસ આમંત્રણથી હાજર રહી સમિતિના કામકાજમાં આપેલ સહાય બદલ સમિતિ તેમનો આભાર વ્યક્ત કરે છે.

**૨૭.** સમિતિની બેઠકો દરમિયાન સંબંધિત વિભાગના સચિવશ્રીઓ તથા અન્ય અધિકારીઓએ સમિતિની બેઠકમાં ઉપસ્થિત રહીને સમિતિને શક્ય તેટલી માહિતી પૂરી પાડીને સમિતિને કરેલ સહાય બદલ સમિતિ તેમનો આભાર માને છે.

**૨૮.** ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓએ સમિતિના કામકાજમાં આપેલ સહકારની પણ સમિતિ નોંધ લે છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર.
તા. ૧૧/૦૩/૨૦૨૬

**શ્રી અર્જુનસિંહ ચૌહાણ**
પ્રમુખ
અંદાજ સમિતિ

## મુખ્ય નિર્ણયો/ભલામણોનો સારાંશ

| ક્રમ નં. | સંદર્ભ ફકરા ક્રમાંક | નિર્ણયો/ભલામણો |
|---|---|---|
| | | **ક્લાઈમેટ ચેન્જ વિભાગ** |
| ૧ | ૫ | **આ બાબતમાં સમિતિ ક્લાઈમેટ ચેન્જ વિભાગને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ સાથે સંકલન કરીને આ યોજનાના લાભથી કોઈપણ લાભાર્થી વંચિત રહી ન જાય તે માટે સમયમર્યાદા નકકી કરવા અને તે મુજબ કાર્યયોજના તૈયાર કરવા ભલામણ કરે છે.** |
| ૨ | ૬ | **પમ્પિંગ સ્ટેશન, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ(S.T.P.) જેવી જગ્યાએ કે, જ્યાં વીજળીનો વધારે પ્રમાણમાં વપરાશ થવાનો હોય ત્યાં વહેલી તકે સોલાર રૂફટોપ યોજના લાગુ કરવા સમિતિ ભલામણ કરે છે.** |
| ૩ | ૬ | **સરકારી સબસીડીથી ખાનગી રહેણાંક મકાનો/ઇમારતો ઉપર લગાવવામાં આવતા સોલાર રૂફટોપની વૉરન્ટી સમયગાળામાં યોગ્ય જાળવણી થાય તેની પણ સમિતિ ભલામણ કરે છે.** |
| ૪ | ૭ | **આ તબક્કે સોલાર પેનલ્સની સફાઇની કામગીરીના મહત્વને સમજતાં સમિતિ સોલાર પેનલની સફાઇ માટે યોગ્ય એસ.ઓ.પી.(S.O.P.) ઘડવા તથા આ સફાઇ માટે જનજાગૃતિ આવે તે માટે યોગ્ય પ્રચાર-પ્રસાર કરવા ભલામણ કરે છે.** |
| ૫ | ૮ | **ગ્રામ્ય વિસ્તારોમાં સોલાર વૉટર પંપના રીપેરીંગ તથા સમગ્ર રાજ્યના રહેણાંક વિસ્તારોમાં ઘરવપરાશ માટે લગાવેલ સોલાર રૂફટોપ સિસ્ટમને લગતી ફરીયાદો સંદર્ભે આથી સમિતિ વિભાગને રીપેરીંગ માટે જવાબદાર એજન્સીઓ સાથે સંકલન કરવા તેમજ આ માટે ટોલ ફ્રી નંબર જારી કરીને સુવ્યવસ્થિત તંત્ર ખડુ કરવા ભલામણ કરે છે.** |
| ૬ | ૯ | **આ તબક્કે સમિતિ વિભાગને રાજ્યના દરિયાઇ સપાટી વધવાના ખતરા હેઠળ રહેલ ગામોની ઓળખ કરીને તેના અસ્તિત્વના જોખમ નિવારણ માટે ચોક્કસ નીતિ રચવા ભલામણ કરે છે.** |
| | | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ** |
| ૭ | ૧૧ | **હાલોલ સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલને મંજૂરી મળ્યાના ચાર વર્ષથી વધુ સમય વ્યતિત થવા છતાં તેની કામગીરી હાથ ધરવામાં આવી ન હોવાની બાબત સમિતિના ધ્યાને આવી હતી. જેની સમિતિએ ગંભીર નોંધ લીધી હતી. આથી સમિતિ વિભાગ હેઠળ બાંધકામની કામગીરી સંભાળતા પ્રોજેક્ટ ઇમ્પ્લીમેંટ યુનિટ(PIU)ને સમયમર્યાદામાં સંકલન કરી તમામ બાંધકામ સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે કામગીરી કરવા તથા તેમાં કોઇપણ બિનજરૂરી વિલંબ માટે જવાબદારી નક્કી કરી યોગ્ય પગલાં લેવા ભલામણ કરે છે.** |

| | | |
|---|---|---|
| ૮ | **૧૧** | **સરકાર દ્વારા રાજ્યના અન્ય જિલ્લાઓના જે તે આરોગ્ય વિષયક બાંધકામોની જાહેરાત થયા બાદ તેના બાંધકામની કામગીરીમાં વિલંબ થતો હોવાનુ પણ સમિતિને ધ્યાને આવેલ છે. આથી સમિતિ સરકારે કરેલ જાહેરાત બાદ હોસ્પિટલોના બાંધકામમાં થતો બિનજરૂરી વિલંબ દૂર કરવા જરૂરી તમામ પગલા ભરી સમયસર વહીવટી પ્રક્રિયા હાથ ધરી તમામ બાંધકામ સમયમર્યાદામાં પૂર્ણ કરવા યોગ્ય કાર્યયોજના તૈયાર કરવા ભલામણ કરે છે.** |
| ૯ | **૧૨** | **આ તબક્કે સમિતિ વિભાગને પોતાની સ્થાનિક આરોગ્ય ટીમનો તપાસનો વ્યાપ વિસ્તારવાની સૂચના સાથે બોગસ પ્રમાણપત્ર સાથે પ્રેક્ટિસ કરતા નકલી ડોકટરોને નશ્યત કરી તેના ઉપર સખત કાનુની પગલાં લેવા અને તે માટે સમયાંતરે રાજ્યવ્યાપી ઝુંબેશ કરવા ભલામણ કરે છે.** |
| ૧૦ | **૧૩** | **દરેક માન્ય/પેનલમાં સમાવિષ્ટ(Empanelled) હોસ્પિટલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની કામગીરી માટે અલાયદુ કાઉન્ટર શરૂ કરવા તથા કાઉન્ટરના ડેસ્ક ઉપર P.M.J.A.Y. અને માં અમૃતમ કાર્ડ અંગે જે કોઇ મૂંઝવણ, ફરીયાદ હોય તો સંપર્ક કરો તેવા ડિસ્પ્લે બોર્ડ ગોઠવવાની સૂચના પરિપત્રિત કરીને રાજ્યની તમામ માન્ય હોસ્પિટલ્સને પત્ર-ઇ-મેઇલથી મોકલી આપવા સમિતિ ભલામણ કરે છે.** |
| ૧૧ | **૧૪** | **ખોરાકના નમૂનાઓ માત્ર તહેવારોમાં કે કોઈના તરફથી કરવામાં આવતી ફરિયાદના આધારે તપાસ કરવાના સ્થાને સમગ્ર વર્ષ દરમિયાન સમયાંતરે નિયમિત તપાસ કરી સમયમર્યાદામાં દાખલારૂપ સખત પગલાં લેવા સમિતિ ભલામણ કરે છે.** |
| ૧૨ | **૧૫** | **ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહારની કીટ માટે જિલ્લા કલેકટરશ્રીઓ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને C.S.R.(કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) ફંડનો ઉપયોગ કરવા વિભાગ દ્વારા સૂચના આપવા સમિતિ ભલામણ કરે છે.** |
| **વન અને પર્યાવરણ વિભાગ** | | |
| ૧૩ | **૧૭** | **ગીરમાં સિંહદર્શન માટે ઓનલાઇન ટિકિટ બુકિંગની પધ્ધતિમાં બ્લેક ટિકિટોના વેચાણ ઉપર અંકુશ મેળવવા ગૃહ વિભાગ અને સાયબર સેલના સંકલન સાથે જવાબદારો સામે કડક પગલા લઇ ગેરરીતિ અટકાવવા સમિતિ ભલામણ કરે છે.** |
| ૧૪ | **૧૭** | **હાલમાં ચાલતી સિંહદર્શનની ઓનલાઇન બુકીંગ પધ્ધતિનો રિવ્યુ કરીને તેમાં જો ફેરફાર-બદલાવ અંગે અવકાશ હોય તો તે માટે કાર્યવાહી કરવા પણ સમિતિ ભલામણ કરે છે.** |
| ૧૫ | **૧૭** | **ગીરમાં સિંહદર્શન માટે ચાલતી જીપ્સીઓમાં ગીરમાં વસતા સ્થાનિકોને અગ્રતા આપી સ્થાનિક જીપ્સીને પરમિટ આપી તેમને રોજગારી આપવા પણ સમિતિ ભલામણ કરે છે.** |

| | | |
|---|---|---|
| ૧૬ | **૧૮** | **સમિતિ સારી કામગીરી કરનારા “વનમિત્ર” ને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવા વિભાગને ભલામણ કરે છે.** |
| ૧૭ | **૧૯** | **આથી સમિતિ જળ પ્રદુષણ મુદ્દા પર પર્યાવરણ પ્રભાગ સાથે નિયમિત સંકલન રાખીને દુષિત પાણી દરિયામાં ન વહાવવામાં આવે તે સુનિશ્ચિત કરવા યોગ્ય કાર્યયોજના તૈયાર કરવા ભલામણ કરે છે.** |
| ૧૮ | **૨૦** | **આથી સમિતિ વિભાગ દ્વારા ગીર વિસ્તારમાં વન્યપ્રાણી કુવામાં પડે નહી તે માટે પેરાફિટ વોલ બનાવી તેના ઉપર લોખંડની જાળી નાંખવા ભલામણ કરે છે.** |
| | **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ** | |
| ૧૯ | **૨૨** | **સમિતિ રાજ્યમાં લોકો દ્વારા સરકારની જે એપ્લિકેશનનો વધારે ઉપયોગ થાય છે અને જે એપ્લિકેશન જૂની થયેલ છે તેને અગ્રતાના ધોરણે અપડેટ કરાવી લોકોને પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા ભલામણ કરે છે.** |
| ૨૦ | **૨૨** | **મહેસુલ વિભાગ તથા અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની જે એપ્લિકેશન બહુ જૂની થઇ હોય અથવા જેના સંચાલનને લઇને વધુ ફરિયાદો મળતી હોય તેને પ્રથમ અગ્રતાના ધોરણે અપડેટ કરાવવી તથા સર્વર ડાઉનના પ્રશ્નોનું નિરાકરણ લાવી પ્રજાને પડતી હાલાકી દૂર કરવા પણ સમિતિ ભલામણ કરે છે.** |
| ૨૧ | **૨૩** | **રાજ્ય સરકારની I.T. પોલીસી અંતર્ગત વધુમાં વધુ I.T. કંપનીઓ ગુજરાતમાં રોકાણ કરે તે માટેની નિશ્ચિત ઇકો સિસ્ટમ વિકસાવવા, જરૂરી મેન–પાવર આ કંપનીઓને ઉપલબ્ધ કરાવીને ગુજરાત I.T. હબ બને તે માટે આયોજન કરવા સમિતિ ભલામણ કરે છે.** |
| ૨૨ | **૨૪** | **આ તબક્કે સમિતિ વિભાગને દરેક ધારાસભ્યશ્રીઓને પત્ર પાઠવી તેમના વિધાનસભા મતવિસ્તારમાં જે શહેરી/ગ્રામ્ય વિસ્તારમાં મોબાઇલના નેટવર્કની સમસ્યા હોય તે અંગેની માહિતી વિભાગને પૂરી પાડવા જણાવવા અને માહિતી મળ્યેથી આ માહિતી પરત્વે આગળની કાર્યવાહી કરવા ભલામણ કરે છે.** |

...............................